## શ્રમ અદાલત નં.૧ વડોદરાના પ્રમુખ અધિકારીશ્રી ડી.જે.ઠાકર સમક્ષ

**<u>રીવ્યુ અરજી નં.૧/૨૦૨૩</u>**
**<u>(ઈન રેફરન્સ(એલ.સી.વી.) ટી નં.૯૮૩/૨૦૧૨</u>**

અરજદાર:– Deepak Mahilal Kanojiya
C/O. Rashtriya Mazdoor Union

Versus

સામાવાળા:– State Reserve PoLice Force
9A, Company, Makarpura Road
Opp AIR, Vadodara

**<u>હાજર રહયા:–</u>**
અરજદાર: વિ.યુ.પ્રશ્રી અતુલ કુરૂપ
સામાવાળા: કોઈ નહી.

**<u>–:: હુ ક મ ::–</u>**

**(૧)** આ કામે અરજદાર દીપક મહીલાલ કનોજીયા તરફે હાલની અરજી આપી અરજ કરેલ છે કે, આસીસ્ટન્ટ લેબર કમિશ્નર વડોદરા તરફથી નામદાર કોર્ટને ટર્મ ઓફ રેફરન્સ મુજબ હાલનો કેસ ન્યાય નિર્ણય અર્થે મોકલેલો. ટર્મ ઓફ રેફરન્સમાં અરજદારનું નામ દીપકકુમાર મહીલાલ કનોજીયા દર્શાવેલ તેમજ સ્ટેટમેન્ટ ઓફ કલેઈમ અને સામાવાળાએ રજુ કરેલ રીટર્ન સ્ટેટમેન્ટમાં પણ અરજદારનું નામ દીપકકુમાર મહીલાલ કનોજીયા દર્શાવેલ છે. નામદાર લેબર કોર્ટે કાઢેલ નોટીસમાં પણ અરજદારનું નામ દીપકકુમાર મહીલાલ કનોજીયા દર્શાવેલ છે. આ કામે અરજદાર તેમની અરજીના સમર્થનમાં કમ્પ્લેઈનની અરજી, રેફરન્સ લેટરની નોટીસ તેમજ નામદાર કોર્ટે પસાર કરેલ હુકમ રજુ કરેલ છે. અરજદાર તરફે એવી રજુઆત કરવામાં આવે છે નામદાર કોર્ટે તેઓના હુકમમાં દીપકકુમાર મહીલાલ કનોજીયા નાબદલે દીલીપકુમાર મહીલાલ કનોજીયા દર્શાવેલ છે. આ કામે સામાવાળાને નોટીસ કાઢવા છતાં હાજર થઈ જવાબ રજુ કરેલ નથી કે બચાવ કરેલ નથી. આ કામે રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો હાલનો રેફરન્સ દીપકકુમાર મહીલાલ કનોજીયાના નામનો દાખલ થયેલો. અમારા પુરોગામી ન્યાયાધીશ ધ્વારા ટાઈપોગ્રાફીકલ ભુલને કારણે દીપકકુમાર મહીલાલ કનોજીયા નાબદલે દીલીપકુમાર મહીલાલ કનોજીયા લખાઈ ગયેલ છે તે રેકર્ડ પરના પુરાવા પરથી સ્પષ્ટ જણાય આવે છે. આમ, ઉપર મુજબની ચર્ચા મુજબ રેફરન્સ(એલ.સી.વી.) નં.૯૮૩/૨૦૧૨ ના કામે અરજદાર કામદારનું નામ દીપકકુમાર મહીલાલ કનોજીયા નાબદલે દીલીપકુમાર મહીલાલ કનોજીયા ટાઈપોગ્રાફીકલ

ભુલને કારણે લખાઈ ગયાનું જણાય આવે છે. આમ, આ ટાઈપોગ્રાફીકલ ભુલ હોય તેવું રેકર્ડ પરના પુરાવા પરથી જણાય આવે છે. આમ, રેફરન્સમાં દીપકકુમાર નાબદલે દલીપકુમાર નામ જે ટાઈપોગ્રાફીકલ ભુલ હોય તેટલા પુરતો સુધારો કરવો ન્યાયિક જણાય છે. જેથી દીલીપકુમાર નાબદલે દીપકકુમાર નામ પુરતો સુધારો કરવામાં આવે છે તે સિવાય કોઈ સુધારો કરવામાં આવતો નથી. આમ, આ સુધારાની એક કોપી રેફરન્સના મુળ હુકમમાં મુકવી અને એક કોપી નાયબ શ્રમ આયુકતશ્રીને મોકલવી આ સિવાય મુળ રેફરન્સના કામે કોઈ સુધારો કરવામાં આવતો નથી.

**(ધીરેન જગદીશભાઈ ઠાકર)**
**પ્રિસાઈડીંગ ઓફીસર**
**મજુર અદાલત (નં.૧),**
**વડોદરા.**
**કોડ નં. જી.જે.૦૦૭૪૮**

**તારીખ : ૦૮/૦૧/૨૦૨૪**
**સ્થળ : વડોદરા.**
જે.એમ.ગાંધી